PMના બ્રેઈન ચાઈલ્ડની ગુજરાતમાં જ નબળી સ્થિતિ : ઔદ્યોગિક નીતિમાં યોજના જાહેર કરી પણ સંકલનનો અભાવ

# સ્ટાર્ટ અપની કાચબાગતિ : દોઢ વર્ષમાં 150 અરજી, 80ને મંજૂરી

પ્રતીક ભટ્ટ, મૃગાંક પટેલ | અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટ અપની શરૂઆત કરી તે પહેલાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને 'કોર ફોર ઇન્ડિયા'ના સંયુક્ત ઉપક્રમે હેકાથોન-2015 યોજાઈ હતી, જેમાં આઈટી નિષ્ણાતોએ પાયાગત સુવિધાઓને ટૅક્નૉલોજી સાથે સાંકળીને સમસ્યાઓના સરળ ઉકેલો બતાવ્યા હતા. આમાં એક 'સોશિયલ કોપ્સ' નામે ટ્રાફિકના સરળ નિયમન માટે એપ તૈયાર કરાઈ હતી. આ એપથી પ્રભાવિત થયેલા તત્કાલીન કમિશનર ડી. થારાએ આ એપનું અમલીકરણ કરવાનું કહ્યું હતું. જોકે, તેમ ન થયું. એપ તૈયાર કરનારા ગૌરાંગ ભટ્ટને કોર્પોરેશન તરફથી પ્રત્યુત્તર મળ્યો નથી.

ગુજરાતમાં સ્ટાર્ટ અપ પૉલિસીની બાળમરણ જેવી સ્થિતિનું આ તો માત્ર એક જ દૃષ્ટાંત છે. દોઢ વર્ષમાં સ્ટાર્ટ અપ માટે 150 અરજી જ આવી છે. તેમાં પણ માત્ર 80 અરજી માન્ય રખાઈ છે અને માત્ર રૂ. 4થી 5 કરોડનું ફંડ અપાયું છે.

## વર્ષે 1500 સ્ટાર્ટ અપ પણ નહીં

- સ્ટાર્ટઅપ માટે રૂ. 250 કરોડનું ભંડોળ, પરંતુ ફાળવણી માત્ર રૂ. 4થી 5 કરોડ.
- દર વર્ષે 15 લાખ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લે છે, પરંતુ વર્ષે 1500 સ્ટાર્ટ અપ પણ થતાં નથી.

### સ્ટાર્ટ અપની મંથર ગતિ પાછળનાં કારણો

- જાહેરાત પછી પૂરતું પ્રાધાન્ય અપાયું નથી.
- આંતરિક સંકલનનો અભાવ.
- વૈશ્વિક કક્ષાએ સ્ટાર્ટ અપ તૈયાર કરવા કૉલેજ, યુનિવર્સિટીની નક્કર ભૂમિકા નથી. કારણ યુનિવર્સિટીઓ પર સરકાર દબાણ કરતી નથી.

## જોઈએ તેટલી જાગૃતિ નથી

સરકારે રૂ. 100 કરોડ ફાળવ્યા છે. અમે પણ સ્ટાર્ટ અપમાં યુવાનો ઉત્સાહથી ભાગ લે તેની અપેક્ષા રાખીએ છીએ. જોકે આપણે ત્યાં સ્ટાર્ટ અપ અંગે જોઈએ તેટલી જાગૃતિ નથી. હજી સુધી લોકો સ્ટાર્ટ અપને સમજ્યા નથી, જેના કારણે તેમાં જોઈએ તેટલી ગતિ આવી નથી.સ્ટાર્ટ અપની સ્પીડને વધારવા, જાગૃતિના પ્રયાસોની જરૂર છે. » **રોહિત પટેલ,** ઉદ્યોગમંત્રી, ગુજરાત રાજ્ય

## ધીરે ધીરે સ્થિતિ સુધરશે

આપણે ત્યાં સ્ટાર્ટઅપનો કન્સેપ્ટ નવો છે. આ વિશે જોઈએ તેટલી જાગૃતિ નથી આવી, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. હાલમાં સ્ટાર્ટ અપ ક્ષેત્રે ગતિ ધીમી છે. જોકે ધીરે ધીરે પરિસ્થિતિમાં સુધારો આવશે તેમ મને લાગી રહ્યું છે. હાલમાં બહુ જાણકારી ન હોવાથી ગતિ મંદ લાગી રહી છે. » **ડૉ. એમ. એન. પટેલ,** કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

## મૂલ્યાંકનને હજુ વાર છે

ગુજરાતમાં સ્ટાર્ટ અપની અરજી અને ભંડોળના આધારે મૂલ્યાંકન કરી ન શકાય. ખરા અર્થમાં ચકાસણી કરવી હોય તો કેટલા સ્ટાર્ટ અપ વ્યાવહારિક જીવનમાં ઉપયોગી છે, તે જોવું જોઈએ. ઉદ્યોગ મંત્રાલય, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી સહિતના વિભાગોની નીતિ સારી છે. જીટીયુના સ્ટાર્ટ અપને ફંડ પણ અપાયું છે. » **ડૉ. રાજુલ ગજ્જર,** પૂર્વ કુલપતિ, જીટીયુ

## સ્ટાર્ટ અપને મંજૂરી અને ફંડ આપવાની ગતિ ધીમી

ગુજરાત સરકારમાં સ્ટાર્ટ અપને મંજૂરી અને ફંડ આપવાની ગતિ ખૂબ ધીમી છે. તેમાં ઝડપ લાવવાની આવશ્યકતા છે. આ માટે નક્કર આયોજન કરવાની જરૂર છે. જો તેમ નહીં કરાય તો આ યોજનાનો મૂળભૂત હેતુ માર્યો જશે. » **જૈવ હીરાકણ,** વિદ્યાર્થી (નામ બદલ્યું છે)